# અન્ન સુરક્ષા અને ભારત

ભાનુભાઈ ડી. પરમાર
આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી જે.એમ.પટેલ આર્ટસ કોલેજ,આણંદ

## ૧. પ્રસ્તાવના

ભારતમાં છેલ્લા ૫૦ વર્ષમાં કુપોષણના પ્રમાણમાં વધારો થતો રહયો છે.જેમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં આ પરિસ્થિતિ ગંભીર જોવા મળે છે.પૂરતા પ્રમાણમાં પોષ્ટિક આહાર ન મળવાને કારણે બાળકો અને સ્ત્રીઓમાં કુપોષણતા આવી જાય છે.પરિણામે તેઓ કેટલાક જીવલેણ રોગના ભોગ બને છે.આ રીતે ભારતમાં કુપોષણનો પ્રશ્ન એ વર્તમાન સમયમાં એક સળગતો પ્રશ્ન જોવા મળે કારની પરિસ્થિતીના સર્જન માટે કેટલીક વિગતો જોઈએ.

આઝાદી સમયે ભારત પાસે પોતાના નાગરિકો માટે બે ટંક પૂરતા ભોજનની વ્યવસ્થા કરવી અઘરુ કામ હતું. કારણ કે ૧૮૬૦,૧૮૭૦,૧૮૯૦ અને ૧૯૪૩ ના સમયગાળામાં દુષ્કાળની પરિસ્થિતિનું સર્જન થયું હતું.આ સમયગાળાના દુષ્કાળોએ ભારતીય અર્થતંત્રને અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું.

૧૯૪૩ના પ્રથમ વખત અનાજ માટેની નીતિ Foodgrain Policy (FGP) અંગ્રેજોએ ઘડી હતી. ત્યાર બાદ ૧૯૪૭માં FGP રજૂ કરવામાં આવી.૧૯૫૦માં Foodgrain Procurement committee ની રચના કરવામાં આવી તે સમિતિએ જણાવ્યું કે સરકારે પોતે જ અનાજની ખરીદી કરીને તેની યોગ્ય વહેંચણી ફાળવણી કરવી જોઈએ.જે અંતર્ગત તેઓએ નીચે મુજબની જોગવાઈનું સૂચન કર્યું.

૧. ૫૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા તમામ શહેરોમાં કાયદા માન્ય રેશનીગ અમલી બનાવવું.
૨. નાના નગરોમાં બિનકાયદેસર પધ્ધતિએ રેશનીગ દાખલ કરવું.
૩. ગ્રામ્ય વિસ્તાર માટે અનાજના પૂરવઠાની મર્યાદા નકકી કરવી.

૧૯૫૭માં Foodgrain Inquiry committee બાદ ૧૯૬૪ માં Foodgrain Prices committee ની ભલામણ અનુસાર ૧૯૬૫માં Agriculture Price Commission ની સ્થાપના થઈ.જેણે Food Corporation of India ની સ્થાપના કરી.પરંતુ અનાજ બાબતે ભારત પગભર ન હોવાથી ભારતે અમેરિકા પાસેથી ભીખ લેવી પડી હતી ત્યારે અમેરિકાએ PL480 હેઠળ ભારતને અનાજની મદદ કરી હતી.આ સંદર્ભમાં ભારતમાં અન્ન સુરક્ષાની વર્તમાન પરિસ્થિતિ કેવી છે તેનું વિહંગાવલોકન કરીએ.

## ૨. અન્ન સુરક્ષાની પરિભાષા

"બધી જ વ્યકિતઓને બધા સમયે એક સક્રિય તેમજ સ્વાસ્થ્ય જીવન માટે પર્યાયી ભોજનની પ્રાપ્તી.

વિશ્વ વિકાસ રિપોર્ટ ૧૯૮૬

" ખાદ્ય સુરક્ષા એટલે ભૌતિક અને આર્થિક રીતે બધી જ વ્યકિતઓ માટે દરેક સમય માટે જરૂરી ખોરાકની પ્રાપ્તી અર્થાત દરેક લોકોને દરેક સમયે અને દરેક સ્થળે ખોરાકની ભૌતિક જરૂરિયાત વિશેની બાંહેધરી આપવી. આ ઉપરાંત જરૂરી અનાજ, કઠોળ, ફળો, શાકભાજી, ઈંડાં, માછલી વગેરે મળી રહે તે બાબત અન્ન સલામતીનો નિર્દેશ કરે છે.

ફૂડ એન્ડ એગ્રેકલ્ચર ઓર્ગેનાઈઝેશન (UNO)

" બધા જ લોકો તેમની જરૂરિયાત માટે પાયાના આહારની ભૌતિક તેમજ આર્થિક પ્રાપ્તી દરેક સમય માટે કરી શકે તેની ખાત્રી કરવી. (FAO)

### ૩. ભારતમાં અન્ન સમસ્યાની ચોંકાવનારી વિગતો

૧. વર્લ્ડ બેંકના ૧૯૯૮ના અહેવાલ મુજબ વિશ્વના કુપોષણથી પીડાતા બાળકોમાંના ૪૦% બાળકો ભારતમાં છે. ૬૦% ભારતીય મહિલાઓ એનિમિક છે તેનું કારણ અપૂરતું તથા અસમતોલ ખોરાકનું પરિણામ કુપોષણ છે.
૨. ભારતએ સમગ્ર વિશ્વમાં અનાજના ઉત્પાદનમાં બીજા ક્રમે આવે છે તેમ છતાં ૬૦૦ મિલિયન લોકોને બે ટંક જમવા પુરતું અનાજ મળતુ નથી.
૩. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI) ૨૦૦૮ અનુસાર વિશ્વના ૮૮ દેશોમાંથી ભારતનું સ્થાન ૬૬મું છે.
૪. ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) ૨૦૦૩ અનુસાર સમગ્ર વિશ્વમાં ૮૫૨ મિલિયન લોકો ગરીબીના લીધે ભૂખમરાથી પીડાય છે.
૫. આંતરરાષ્ટ્રીય અન્નનીતિ સંશોધન સંસ્થા (IFPRI) ના મતે અન્ન સલામતી પૂરી પાડવામાં ભારતની પ્રગતિ ધીમી છે.
૬. વિશ્વમાં અન્નની કિંમતમાં છેલ્લા ત્રણ વર્ષમાં બે ઘણો વધારો થયો છે.
૭. ભારતમાં ૨૩૦ મિલિયન લોકો કુપોષણથી પીડાય છે,જે સમગ્ર વિશ્વમાં વધુ છે.વિશ્વની કુપોષણ વસ્તીના ૨૭% કુપોષણ વસ્તી ભારતમાં છે.(FAO-2008)
૮. ભારતમાં પાંચ વર્ષથી નીચેની વય ધરાવતા ૪૩% બાળકો ઓછું વજન ધરાવે છે.(યુનિસેફ–૨૦૦૮)
૯. યુનિસેફના મતે ભારતમાં ૩૦% બાળકો ઓછા વજનવાળા જન્મે છે.
૧૦. ભારતમાં પુખ્ત વય (૧૫–૪૯)ની દર ત્રીજી વ્યકિત બોડી માસ ઈન્ડેક્સ (BMI) ૧૮.૫ કરતા ઓછું વજન ધરાવે છે.
૧૧. ૧.૫ મિલિયન બાળકોને વૈશ્વિક અન્ન કિંમતમાં વૃધ્ધિ થવાથી કુપોષિત બનવાનું જોખમ છે.(યુનિસેફ ૨૦૦૮)

### ૪. ભારતમાં અન્ન સલામતી માટે લેવા જેવા પગલાં

ભારતમાં સરકાર ધ્વારા અન્ન સલામતી માટે વિવિધ પ્રકારની યોજનાઓ તેમજ કાર્યક્રમો અમલમાં મુકવામાં આવ્યા છે.જેમાં ટકાઉ અન્ન સલામતી માટે ખેતીક્ષેત્રે સુધારણા લાવવા માટે જમીન સુધારણા,સિંચાઈ સુધારણા,બિયારણ,ખાતરો,નવી ખેડાણ પધ્ધતિ અપનાવવી જોઈએ.જાહેર વિતરણ વ્યવસ્થાઓની મર્યાદાઓ દૂર કરી મજબૂત તથા અસરકારક વ્યવસ્થાઓ ઉભી કરવી પડશે.અનાજ સંગ્રહના ગોડાઉનોમાં અન્ન સડી ન જાય તે માટે પગલાં ભરવા પડશે.બેરોજગારી અને અન્ન સલામતીને સીધો સંબંધ છે.આવક વૃધ્ધિ અને રોજગારી સર્જનના કાર્યો ધ્વારા અન્ન સલામતી માટેની સરકારી યોજનાઓની અસરકારકતા વધારવા માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સસ્તા ભાવે અનાજ પુરૂ પાડવામાં આવે છે પરંતુ તે કાયમી ઉકેલ નથી કારણ કે તે ખરીદશકિત ધરાવનાર વ્યકિતને જ મદદ કરે છે.અન્ન સલામતી માટે મિશ્ર વ્યવસ્થાઓ ઉભી કરવી પડશે તથા અનાજના ભાવોમાં સ્થિરતા લાવવી પડશે.

### ૫. અન્ન સલામતી માટે કાનુની સુધારાની આવશ્યકતા

કોઈ પણ સ્ત્રી–પુરૂષ કે બાળક ભૂખ્યા સૂઈ ન જાય અથવા કુપોષણથી ન પીડાય તેની જવાબદારી સરકારની રહેવી જોઈએ.તમામ સ્થળોએ અને તમામ સમયે અન્ન પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય બને તે સરકારની ફરજ બનવી જોઈએ.સર્વોચ્ચ અદાલતના હુકમોમાં સંકલિત બાળ શ્વિકાસની સેવાઓ, મધ્યાહન ભોજન યોજના, લક્ષ્યાંકિત જાહેર વિતરણ વ્યવસ્થા, અંત્યોદય અન્ન યોજના,રાષ્ટ્રીય વૃધ્ધા વ્યવસ્થા પેન્શન,રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના,રાષ્ટ્રીય કુટુંબ લાભ યોજના વગેરેમાં અન્નના જે અધિકારો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે તેમને કાયદામાં સમાવવા જોઈએ.

છ માસથી નીચેની વયના બાળકો માટે અન્નનો અધિકાર પ્રસ્થાપિત કરવા માતાઓને વિવિધ સેવાઓ પૂરી પાડવી જોઈએ.તેમાં જન્મ સમયે ટેકો, સ્તનપાનને પ્રોત્સાહન આપવા જરૂરી સલાહ,માતૃત્વના અધિકારો અને કામના સ્થળે ઘોડિયાઘરની વ્યવસ્થા વગેરેનો સમાવેશ થવો જોઈએ. રેશનકાર્ડના વિતરણ જેવી અન્ન સાથે સંબંધિત એવી તમામ બાબતો માટે મહિલાઓને પરિવારના વડા તરીકે માન્યતા આપવી જોઈએ.

આમ ભારતમાં અન્ન સલામતીની એક સુચારૂ વ્યવસ્થા માટે હાલમાં જે ખર્ચાળ,બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટાચારમુકત સંસ્થાકીય યોજનાઓ અમલમાં મુકેલી છે.તેમાં ધડમૂળથી ફેરફાર કરીને તેના સ્થાને આવશ્યક ગુણવતાવાળા અનાજોની સસ્તા ભાવે અને પારદર્શક રીતે વહેંચણી કરવાની ખાતરી મળી રહે તેવી વ્યવસ્થાઓ કે યોજનાઓની તેમજ પોતાની જાતે જ લક્ષ્યાંકોને નકકી કરનારી આત્મનિર્ભર વ્યવસ્થાઓ કે યોજનાઓને અમલમાં લાવવાની તાતી જરૂરીયાત છે.

## ૬. ઉપસંહાર

ભારત સરકાર રાષ્ટ્રીય અન્ન સલામતીનો કાયદો લાવવાનું વિચારી રહી છે જેનો હેતુ ભૂખમરો નાબૂદ કરવાનો તથા કુપોષણના પ્રમાણને ઘટાડવાનો છે.જેમાં બી.પી.એલ. કુટુંબને દર મહિને ૨૫ કિ.ગ્રા. ઘઉં તથા ચોખા ૩ રૂપિયે કિલો આપવામાં આવશે.ગરીબી નાબૂદી માટે તથા અન્નની જરૂરિયાતને પહોંચી વળવામાં રાષ્ટ્રીય અન્ન સલામતીનો કાયદો સીમા ચિહન કદમ સાબિત થશે.વિશ્વમાંથી ભૂખમરો અને કુપોષણની નાબૂદી માટે અન્ન અધિકાર એ મૂળભૂત રીતે માનવ અધિકાર બનાવવામાં આવે તો કુપોષણ અને ભૂખમરા જેવા મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલને સિધ્ધ કરવા માટે અન્ન સલામતી સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

## સંદર્ભસૂચિ

૧. આર્થિક સર્વેક્ષણ (૨૦૧૧–૧૨). ભારત સરકાર
૨. ચૌધરી, સંજય વી.(૨૦૧૨). " ભારતમાં અન્ન સલામતી" અર્થસંકલન સામાયિક અંક ૫૧૮
૩. જાગાણી , હિતેશ.એન.(૨૦૧૨). " અન્ન સલામતી" અર્થસંકલન સામાયિક અંક ૫૧૭
બજેટ ૨૦૧૧–૧૨
૪.રોહિત, દિનેશ એમ.(૨૦૧૩). "જાહેર વિતરણ વ્યવસ્થા અને ખાદ્યસુરક્ષા" અર્થસંકલન સામાયિક અંક ૫૧૭
૫. સામાજિક – આર્થિક સર્વેક્ષણ (૨૦૧૦–૧૧ ). ગુજરાત સરકાર